## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



કિર્તીદા મહેન્દ્રભાઈ વોરા (૧૯૫૨) ફોનઃ૨૩૨ ૬૦૭૬૧



મુકુંદભાઈ મહાશંકર જોશી (૧૯૪૨) ફોનઃ ૨૩૨૨૪૩૨



મંજુલા રામભાઈ પ્રજાપતિ (૧૯૪૪) ફોનઃ૨૩૨ ૨૭૪૧૯



વિનયચંદ્ર નટવરલાલ દેસાઈ (૧૯૪૧) ફોનઃ ૬૫૭૨૯૫૧૩

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# કરાર આધારિત નિમણૂંક પામેલ અધિકારીઓ કર્મચારીઓનું રજીસ્ટ્રેશન કરાવવા વિચારણા

ગાંધીનગર, તા. ૨૭

સચિવાલયના વિભાગો અને બોર્ડ-નિગમોની કચેરીઓમાં નિવૃત્ત થયેલા અધિકારીઓ કર્મચારીઓને કરાર આધારિત નિમણુંક પામેલ કર્મચારીઓનું રજીસ્ટ્રેશન કરવાની સક્રિય વિચારણા રાજ્ય સરકારે હાથ ધરી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ છેલ્લા કેટલાક વર્ષોથી કરકસરની નિતીને કારણે ભરતીઓ કરવામાં ન આવતા સચિવાલયના વિભાગો અને બોર્ડ-નિગમોની કચેરીઓમાં વિવિધ સંવર્ગમાં અધિકારીઓ કર્મચારીઓની ઘટ હોવાના કારણે વહીવટી કામગીરી પર માઠી અસર પડતી હતી.

આ સમસ્યાના ઉકેલ માટે રાજ્ય સરકારે નિવૃત્ત થયેલ અધિકારીઓ કર્મચારીઓને કરાર આધારિત નિમણુંક આપવાની નીતિ અમલમાં મુકીને વિવિધ વિભાગોમાં નવિૃત્ત અધિકારીઓ કર્મચારીઓની કરાર આધારીત નિમણુંકો આપવામાં આવી હતી.

જો કે કેટલાક વિભાગો અને બોર્ડ-નિગમની કચેરીઓ રાજ્ય સરકારની પૂર્વ મંજુરી મેળવ્યા વગર જ નિવૃત્ત અધિકારીઓ કર્મચારીઓને કરાર આધારિત નિમણુંકો આપતાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થતા રાજ્ય સરકારે તાજેતરમાં નિવૃત્ત અધિકારીઓને કરાર આધારીત નિમણુંકો આપી છે તે તમામ રદ કરીને તાત્કાલિક અસરથી કરારથી નિમણુંક પામેલ અધિકારીઓ કર્મચારીઓને છૂટા કરવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી.

તાજેતરમાં ઉચ્ચ અધિકારીઓની મળેલી બેઠકમાં કેટલાક વિભાગોના વડાઓએ એવી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે જો તાત્કાલિક અસરથી કરારથી નિમણુંક પામેલ અધિકારી કર્મચારીઓને છૂટા કરવામાં આવશે તો ચાલુ યોજનાઓની કામગીરી પર વીપરીત અસર પડશે. આથી આ નિર્ણયની પુનઃ સમીક્ષા કરવા માટે સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં ઉપસ્થિત એક વિચાર એવો રજુ કરવામાં આવ્યો હતો કે રાજ્ય સરકારને આ રીતે નિમણુંક અપાયેલ અધિકારી કર્મચારીઓની માહિતી હાથવગી રહે તે માટે આવી રીતે નિમણુંક પામેલ અધિકારી કર્મચારીઓનું રજીસ્ટ્રેશન કરાવવાનું વિચારી શકાય.

# કામગીરીનું ડોક્યુમેન્ટેશન કરીને સ્વાન્તઃ સુખાય પ્રોજેક્ટ હેઠળ રજૂ કરવામાં આવતું નથી

ગાંધીનગર, તા. ૨૭

સ્વર્ણિમ સ્વાન્તઃ સુખાય પ્રોજેક્ટ હેઠળ કામગીરીનું ડોક્યુમેન્ટેશન જ રજુ કરવામાં આવતું નથી. આ બાબતની ગંભીર નોંધ લઈને વિભાગોને એવોર્ડ માટે નોમીનેશન ભરવા માટેની તાકીદો કરવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં સ્વર્ણિમ સ્વાન્તઃ સુખાય પ્રોજેક્ટ અંતર્ગત એવોર્ડ આપવા અંગે એક સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવે એવું જણાવ્યું હતું કે રાજ્ય સરકારના વિભાગોએ ઘણી બધી બાબતોમાં ઘણી જ સારી અને પ્રશંસનીય કામગીરી કરેલ છે પરંતુ આ કામગીરીનું ડોક્યુમેન્ટેશન કરીને તેઓને સ્વર્ણિમ સ્વાન્તઃ સુખાય પ્રોજેક્ટ હેઠળ રજુ કરવામાં આવતુ નથી.

આ માટે એક એવું કારણ હોવાની સંભાવના વ્યક્ત કરી કે ઘણી કચેરીઓને આ એવોર્ડ અંગેની માહિતી ન પણ હોય.

તેમણે એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે પી.એમ. એવોર્ડ ફોર એક્ષલન્સ ઈન પબ્લીક એડમીનીસ્ટ્રેશન માટે ગુજરાતમાંથી ૧૫ થી ૨૦ જેટલા નોમીનેશન થવા જ જોઈએ. સ્વર્ણિમ સ્વાન્તઃ સુખાય પ્રોજેક્ટ હેઠળ ઈનામ આપવાની યોજનાનો દરેક કચેરીમાં પ્રચાર પ્રસાર થાય તે માટે પ્રયત્નો કરવા તમામ વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે.

સ્વર્ણિમ સ્વાન્તઃ સુખાય પ્રોજેક્ટ હેઠળ નોમિનેશન માટેની તારીખ વીતી ગયા હોવા અંગે તેમણે જણાવ્યું હતું કે આ તારીખ લંબાવવા માટેની વિચારણા કરવામાં આવી રહી છે. તમામ વિભાગોને કરેલ કામગીરીનું ડોક્યુમેન્ટેશન કરીને સ્વર્ણિમ સ્વાન્તઃ સુખાય પ્રોજેક્ટ હેઠળ રજુ કરવા તાકીદ કરવામાં આવી છે.

## હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ પર ગુજરાતના રાજ્યપાલશ્રીએ ચાદર ચઢાવી

ગાંધીનગર, તા. ૨૭

રાજસ્થાનના અજમેરમાં યોજાઈ રહેલા હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી (ર.અ.) ના ૮૦૦મા વાર્ષિક ઉર્સના પાવન અવસરે આજે ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજી તરફથી ચાદર અને પુષ્પાંજલિ અર્પિત કરાઈ હતી.

ઉર્સના પ્રસંગે પાઠવેલ સંદેશમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે ‘હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી (ર.અ.)ના ૮૦૦મા ઉર્સના પ્રસંગે ગુજરાત પ્રદેશવાસીઓ તરફથી હઝરત ખ્વાજા સાહેબની દરગાહ પર ચાદર અને પુષ્પાંજલિ અર્પણ કરી રહી છું.’ ડૉ. શ્રીમતી કમલાજીએ જણાવ્યું હતું કે, ખ્વાજા સાહેબે ગરીબો, નિઃસહાય અને દુઃખીઓની સેવા કરી માનવીય પ્રેમનો સંદેશ આપ્યો છે અને સામાજિક એકતા અને ભાઈચારાને કાયમ રાખી માનવતાના સિદ્ધાંતો પર ચાલવાનો માર્ગ બતાવ્યો છે. રાજ્યપાલશ્રીએ દેશ અને રાજ્યની સુખ-સમૃદ્ધિ, ઉન્નતિ, શાંતિ અને પરસ્પર પ્રેમ તથા સદ્ભાવ માટે ઈશ્વરને પ્રાર્થના કરી હતી.

## સમાચાર ઝલક

- ભાજપ પ્રમુખ શ્રી નીતીન ગડકરી ૫૫ વર્ષના થયા.
- દિલ્હી બનાવટી દૂધનું મોટા પાયે વેચાણ થતું હોવાની રાવ.
- સાનિયા મિર્ઝા ડબલ્સનો ખિતાબ જીતી ગઇ.
- અમદાવાદમાં પોલીસ બેડામાં ફેરફારો થયા.
- મહેસૂલ મંત્રી આનંદીબહેનના સુપુત્રનાં મકાનમાં તસ્કરોએ હાથ ફેરવ્યો.
- પાલનપુરમાં ‘દીકરી વ્હાલનો દરીયો’નો કાર્યક્રમ ઉજવતાં પોલીસે અટકાવ્યો, લોકોમાં રોષની લાગણી.
- સિરિયામાં ૭૦નાં મોત : આંદોલન ચરમસીમાએ.
- જામનગરના પોલીસવડા શ્રી સુભાષ ત્રિવેદીને બદલી કરવા હાઇકોર્ટનો આદેશ.
- જય ગુરુદેવ બાબા બ્રહ્મલીન થયા : તેમની સંપત્તિ ૧૨ હજાર કરોડ છોડી ગયા.
- પાટણમાં ટી.બી. રોડ પરથી એક યુવક પાસેથી રૂપિયા ત્રણ લાખની લૂંટ થઇ.
- રાજકોટ ભક્તિનગરમાં ૭ લાખની ચોરી.
- પેટ્રોલના ભાવવધારાના વિરોધમાં ભાજપના અમદાવાદમાં ધરણા થયા હતા, જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેટરોની પાંખી હાજરી હતી, જેની ગંભીર નોંધ લીધી, નોટીસો ફટકારી.
- દિલ્હીમાં ઇન્દિરા ગાંધી એરપોર્ટ પર અમેરિકન નાગરિક ૩૦ કારતૂસો સાથે ધરપકડ.
- સતત ત્રીજા દિવસે જગમોહન રેડ્ડીની વધુ સંપત્તિ માટે સી.બી.આઇ.ની પૂછપરછ.

# દેશમાં નિર્મલબાબા બદનામ, કેન્દ્રમાં નિર્બલ બાબા : નરેન્દ્ર મોદી

અમદાવાદ, તા. ૨૭


ભારતીય જનતા પાર્ટીના વિવિધ મોરચાઓની કાર્યશાળ આજરોજ સંસ્કારધામ, મુ. ગોધાવી, તા. શાણંદ ખાતે યોજાઈ હતી. આ કાર્યશાળાનું ઉદ્ઘાટન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું હતું. આ પ્રસંગે ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજી, ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપાના પ્રદેશ આગેવાનો તેમજ વિવિધ મોરચાના ૭૦૦ થી વધુ ચુનંદા કાર્યકરોની કાર્યશાળાના ઉદ્ઘાટન પ્રસંગે સંબોધતા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસની જુઠ્ઠાણાની રાજનીતિની સામે સત્યનું પ્રતિષ્ઠાન કરવા મોરચાના આ ચુનંદા કાર્યકરો કમર કસીને રાજ્ય તેમજ રાષ્ટ્રની દુર્દશા કરનાર કોંગ્રેસને જન-જનમાંથી જાકારો આપવાના કાર્યને પોતાનું એકમાત્ર ધ્યેય બનાવી રાજ્યમાં જવલંત વિજયના વિશ્વાસથી આગળ ધપે તે સમયની માંગ છે.

તેઓએ જણાવ્યું હતું કે, દેશ આજે કોંગ્રેસની દિશાવિહીન શાસન વ્યવસ્થાઓનો ભોગ બન્યો છે. ત્યારે ભાજપા જ દેશની જનતા સામે આશાનું કિરણ છે. તેવા સમયે ગુજરાતના વિવિધ મોરચાઓના કાર્યકરોની જવાબદારી વધી જાય છે. દેશની એકતા અને અખંડિતતા સામે કોંગ્રેસની કેન્દ્ર સરકારની નીતિઓ પડકાર ઉભા કરી રહી છે ત્યારે રાષ્ટ્રવાદની વિચારધારાને વરેલા મોરચાના અને ભાજપાના સૌ કાર્યકરોને તેનો મજબૂત મુકાબલો કરવા કટિબદ્ધ થઈને જાતિવાદી રાજનીતિ અને ભાગલાવાદી રાજનીતિ સામે રાષ્ટ્રવાદનો નારો જન-જનમાં ગુંજતો કરવા હાંકલ કરી હતી.

ગુજરાતમાં ભાજપ સરકારની વિકાસની રાજનીતિ કઈ રીતે જનતા જનાર્દનની સુખશાંતિ માટે સફળ રહી છે તે અંગેનું પ્રેરક માર્ગદર્શન મુખ્યમંત્રીશ્રીએ આપ્યું હતું. તેમણે જણાવ્યું કે, દેશમાં એક નિર્બલબાબા પોકળ વચનોની લહાણી કરીને લોકોને ગુમરાહ કરી રહ્યા છે અને દિલ્હીના શાસક તરીકે એક નિર્બલ બાબાની સરકારે દેશને સંકટો તરફ ધકેલી દીધો છે. જાતિવાદી વોટબેન્કની રાજનીતિ, ભ્રષ્ટાચારથી ખરડાઈ ગયેલી કોંગ્રેસ સરકાર સામે આખા દેશમાંથી લગાતાર જનઆક્રોશ વધી રહ્યો છે, ત્યારે ગુજરાત એક જ એવુ રાજ્ય છે જેના વિકાસની ચારેકોર દેશના ખૂણે-ખૂણે પ્રશંસા થઈ રહી છે. આ આત્મવિશ્વાસ સાથે જનતા જનાર્દનનો વિકાસમાં ભાગીદારી માટેનો વિશ્વાસ મજબૂત કઈ રીતે કરવો તેના સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ મોરચાના કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો હતો.

## શબ્દાવલી - ૪૭૪૧



| આડી ચાવી | |
|---|---|
| ૧. | બહુ પગવાળુ એક જીવડુ (૫) |
| ૩. | .... રકાબી, પ્યાલો (૨) |
| ૫. | ખૂબ બળવાળુ (૪) |
| ૭. | ડબો, નાનો ડબરો (૩) |
| ૧૧. | ઓડકાર (૩) |
| ૧૨. | ના કરવી તે (૪) |
| ૧૪. | ગુમડા ઉપર ચોપડવાની દવા (૩) |
| ૧૭. | હેરાનગતિ, હેરાન કરવું તે (૪) |
| ૧૮. | ઢોરનું છાણ મુતર વગેરે કચરો (૩) |
| ૧૯. | ખુબ લાંબુ (૨) |
| ૨૦. | દુઃખ, દર્દ (૨) |
| ૨૧. | મુખવાસમાં લોકો.... નું પાન ખાય (૫) |

| ઊભી ચાવી | |
|---|---|
| ૧. | બામલાઇ, બગલમાં થતું ગુમડુ (૫) |
| ૨. | હંમેશા, નિત્ય (૨૦ |
| ૩. | માંસનું ભજિયું (૩) |
| ૫. | પાતળુ (૩) |
| ૬. | ચેતન ના હોય તેવું (૨) |
| ૮. | વાટકા, કટોરા (૩) |
| ૯. | ‘ના’ માં જવાબ આપવો (૩) |
| ૧૩. | પગથી માથા સુધી (૪) |
| ૧૪. | બેબસ, લાચાર (૪) |
| ૧૫. | ‘રામ’ નો પુત્ર કુશનો ભાઇ (૨) |
| ૧૬. | કિંમતી પથરો, રત્ન (૨) |
| ૧૭. | પાટ, ખાટલો (૩) |
| ૧૮. | ચડસાચડસી (૨) |

### શબ્દાવલી ૪૭૪૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) કાતરા (૪) ચાપલૂસી (૬) બુટલેગર (૮) કોફતા (૯) ઈશ્ક (૧૦) ચપ્પુ (૧૨) પતઝડ (૧૫) પાડો (૧૬) ગતિમાન (૧૮) જેસલ (૧૯) તહ (૨૦) ખીણ (૨૧) મદ

**ઊભી ચાવી :-** (૧) ધુર્ત (૨) કાસદ (૩) રફ (૪) કતાર (૫) થીગડા (૭) વાતાવરણ (૯) ગજબ (૧૦) ગીરવી (૧૧) પારસલ (૧૪) ડીઝલ (૧૬) પચવુ (૧૮) આંક (૧૯) ચળ

# બિજલ ગેંગરેપના અપરાધીને સુપ્રિમે આખરે જામીન આપ્યા

## સજલ અને તેના ચાર મિત્રોએ વર્ષ ૨૦૦૩માં નવા વર્ષની પુર્વ સંધ્યાએ એક પાર્ટીમાં બિજલ પર ગેંગરેપ કર્યો હતો

અમદાવાદ,તા. ૨૭

વર્ષ ૨૦૦૩માં ભારે ચકચાર જગાવનાર બિજલ જોષી સામુહિક બળાત્કાર કેસમાં અપરાધી જાહેર થયેલા સજલ જૈનને આઠ વર્ષ સુધી જેલમાં રહ્યા બાદ જેલમાંથી બહાર નીકળવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. બિજલ જોષી ગેંગરેપ કેસમાં અપરાધી સજલ જૈનને સુપ્રિમકોર્ટે શનિવારના દિવસે જામીન આપી દીધા હતા. સજલ જૈનને સેશન કોર્ટે બળાત્કાર કેસમાં અપરાધી ઠેરવ્યો હતો. હતું. માનવીય અત્યાચાર અને શારિરીક દ્રોચરના કારણે સજલને સેશન કોર્ટે આજીવન કારાવાસની સજા ફટકારી હતી. બળાત્કાર મામલામાં તે દોષિત

### ગેંગરેપ બાદ બિજલે આત્મહત્યા કરી હતી

૨૦૦૩માં નવા વર્ષની પુર્વ સંધ્યાએ પાર્ટીમાં સજલ અને તેના ચાર મિત્રોએ બિજલ ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. સજલના લગ્ન થયેલા હોવા છતા બિજલ સાથે તેના સંબંધો હતો. પાર્ટીમાં તેને આમંત્રણ આપવામાં આવ્યુ હતું. જ્યા નશામાં આ લોકોએ બળાત્કાર ગુજાર્યો હ તો. તેને માર પણ મારવામા આવી હતી. સિગારેટના ડામ પણ અપાયા હતા. અત્યાચારનો ભોગ બન્યા બાદ બિજલે ૭મી જાન્યુઆરી ૨૦૦૪ના દિવસે આત્મહત્યા કરી લીધી હતી. તેની આત્મહત્યાની નોંધમાં ૩૩ વર્ષીય સજલ, ૨૭ વર્ષીય ચંદન જયેશવાલ, ૨૬ વર્ષીય અશોક ઉર્ફે મદન જયેશવાલ, ૨૬ વર્ષીય સુગમ જયેશવાલ, ૩૦ વર્ષીય ધર્મેન્દ્ર ઉર્ફે કરણ જૈન અને મનિષ જૈન ઉપર આક્ષેપ કરવામાં આવ્યો હતો. અને જણાવવામાં આવ્યું હતું કે તેની આત્મહત્યા માટે તમામ જવાબદાર છે.

અને આકરી સજા ફટકારી હતી. સુપ્રિમ કોર્ટે વજગાળાના જામીન આપ્યા છે. આ કેસે સમગ્ર અમદાવાદને હચમચાવી મુક્યુ હતું. કારણ કે જે રીતે બિજલ અને સજલ ઉપર તેના ચાર મિત્રોએ વર્ષ ૨૦૦૩માં નવા વર્ષની પુર્વ સંધ્યાએ બળાત્કાર ગુજાર્યો હતો. તે બાદ બિજલે આત્મહત્યા કરી લીધી હતી. દિલ્હી સ્થિતિ બિઝનેસમેનના પુત્ર સજલના ૨૦૦૩માં લગ્ન થયા હતા પરંતુ તેના બિજલ સાથે પણ લગ્ન બહારના સંબંધો હતો. ૨૦૦૩માં નવા વર્ષની પુર્વ સંધ્યાએ યોજાયેલી પાર્ટીમાં મુખ્ય આરોપી અને તેના ચાર મિત્રોએ હોટલમાં શરાબ પીધો હતો. સજલે બિજલને પણ આમંત્રણ આપ્યું હતું. જ્યાં પાંચ લોકોએ તેના ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. સાથે સાથે માર પણ માર્યો હતો. ત્યારબાદ પોતાની કાર છોડીને ફરાર થઈ ગયા હતા. આરોપીએ આગામી દિવસે પોતાની બહેનને ફોન કર્યો હતો. અને બિજલને લઈ જવા કહ્યું આવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટમાં તેની અપીલ પેન્ડિંગ પડેલી છે.

સજલને સુપ્રિમ કોર્ટમાંથી વચગાળાના જામીન મળી ગયા છે. તેમની માતાની તબિયત ખરાબ હોવાની બાબતને ધ્યાનમાં લઈને વચગાળાના જામીન અપાયા છે. તેની એક પુત્રી પણ છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે આપવામાં આવેલા આદેશ મુજબ છ મહિનાની અંદર કેસનો નિકાલ પણ ગુજરાત હાઈકોર્ટમાં લવાયો નથી. ચંદનને સૌથી પહેલા જામીન મેળવવા ૨૦૧૦માં સુપ્રીમકોર્ટમા અપીલ કરી હતી. વર્ષ ૨૦૧૨માં હાઈકોર્ટમાં આ કેસ પેન્ડિંગ છે. સજલે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરીને જામીનની માંગ કરી હતી. જસ્ટીસ દિપક વર્મા અને જસ્ટીસ સુધાન્શુ જોષીની બનેલી બેંચે આદેશ કર્યો હતો અરજીદારે વચગાળાના જામીનની માંગ કરી છે. તેના જણાવ્યા મુજબ તેની ફોજદારી અપીલ પર હાઈકોર્ટમાં સુનાવણી ચાલી રહી છે.

# DRI આરોપીઓની વિરુધ્ધ નાર્કોટિક્સની ફરિયાદ કરશે

## એનઆરઆઈની ધરપકડ બાદ આંગડિયા પેઢીમાં ફફડાટ

## બાબુ ઉર્ફે બકાભાઈ શર્માનું ડીઆરઆઈએ નિવેદન લીધુ

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ એરપોર્ટ પર તાજેતરમાં કરોડો રૂપિયાનું પાર્ટી ડ્રગ્સ ડીઆરઆઈના અધિકારીઓએ ઝડપી પાડતાં કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. તપાસ દરમિયાન પ્રતિબંધીત દવાઓ મામલે આરોપીઓની સામે **નાર્કોટિક્સની ફરિયાદ દાખલ કરવા** ડીઆરઆઇના અધિકારીઓને તજવીજ હાથ ધરી છે.

પ્રતિબંધીત દવાઓ વિદેશમાં મોકલવાના પ્રકરણમાં એનઆરઆઈની પૂછપરછ કરતાં અમદાવાદમાં પાર્ટી ડ્રગ્સ મોકલવાનું પગેરું બહાર આવ્યું છે. ડીઆરાઈના અધિકારીઓએ દિલ્હીની તિહાર જેલમાં ફિરદોશની પૂછપરછ કરતાં અમદાવાદ કનેકશન બહાર આવતા ડીઆરઆઈએ સેસન્સ કોર્ટમાંથી આંગડિયા પેઢીના સંચાલકોની પૂછપરછ કરવા અરજી કરી છે. જેની રજમીએ સુનાવણી હાથ ધરાશે. ડીઆરઆઈના અધિકારીઓએ સાબરમતી જેલમાં કપિલ અરોરા અને સુજલ પટેલની પૂછપરછ કરવા સેસન્સકોર્ટમાં અરજી કરી હતી. સુજલ પટેલે પ્રતિબંધીત દવાઓ અમેરિકા અને લંડન મોકલવામાં આવતી હતી. આ પ્રકરણમાં અંશુફાર્મના મેનેજર

### કાંડ કેવી રીતે બહાર આવ્યું

દિલ્હીમાં ઝડપાયેલા ફિરદોશની પૂછપરછમાં ડીઆરઆઈના અધિકારીઓને અમદાવાદ એરપોર્ટ પરથી વિદેશમાં ડ્રગ્સ મોકલવાનું કૌભાંડ ઝડપી પાડ્યું હતું. આ દરમિયાન એનઆરઆઈની પૂછપરછથી આંગડિયા પેડીના સંચાલકોની પણ ભૂમિકા તપાસમાં બહાર આવી છે. જ્યારે ઈન્તેખાન અબ્બાસ હાલ ફરાર છે.પ્રતિબંધીત દવાઓ વિદેશમાં મોકલવાના પ્રકરણમાં આંગડિયા પેઢીઓની ભૂમિકા તપાસમાં બહાર આવતાં ફફડાટ મચી જવા પામ્યો છે. ડીઆરઆઈએ જયંત પટેલ અને અશોક પટેલની પૂછપરછ કરવા સીટી સેસન્સ કોર્ટમાં અરજી કરી છે.

નિવેદન આપવા સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. જ્યારે કપિલ અરોરાની પૂછપરછ દરમિયાન ડીઆરઆઈને કેટલીક ચોંકાવનારી વિગતો મળી છે. હરિયાણા અને લુધિયાણાથી પ્રતિબંધીત દવાઓ લાવી તે અમદાવાદના સુજલ પટેલને આપતો હતો. ત્રણ માસ અગાઉ અમદાવાદ એરપોર્ટ પર ડીઆરઆઈએ ખાદ્ય પદાર્થના ૪૨ પેકેટ ઝડપી પાડ્યા હતાં. પેકેટમાં બાબુભાઈ ઉર્ફે બકાભાઈ શર્મા ધરપકડ કરી પૂછપરછ કરતા સુજલ પટેલને પ્રતિબંધીત દવાઓ આપતાં હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

પ્રતિબંધીત દવાઓનું ગેરકાયદેસર વેચાણ કરવાના મામલે ડીઆરઆઈએ તમામ આરોપીઓની સામે નાર્કોટિક્સ કાયદા હેઠળ ફરિયાદ કરવા તજવીજ હાથ ધરી છે.